પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫ | ૨૭ માર્ચ, ૨૦૨૨, રવિવાર; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજથી ઈન્ટરનેશનલ વિમાની સેવા શરૂ

**અનેક નિયંત્રણો હટાવાયા : દેશમાં કોરોનાનો કહેર ઘટતાં નિયંત્રણોમાંથી મુક્તિ : કોવિડ ૧૯ના દિશા-નિર્દેશો પ્રમાણે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમાં ૩ સીટ ખાલી રાખવાનો નિર્ણય દૂર : ચાલકદળને પીપીઈ કીટ નહીં પહેરવી પડે**



નવી દિલ્હી, તા.૨૬

દેશમાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો થવાના કારણે કેન્દ્ર સરકારે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને ફરી એક વખત સંચાલિત કરવાનો નિર્ણય લીધો છે. આવતી કાલથી એટલે કે, ૨૭મી માર્ચ ૨૦૨૨ના રોજથી આ સેવા શરૂ થઈ જશે. જોકે કોવિડના નિયમોનું પાલન કરવું પડશે.

ઉલ્લેખનીય છે કે, કોરોના સંકટના કારણે છેલ્લા ૨ વર્ષથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પ્રતિબંધો લાગુ હતા. પરંતુ આવતીકાલથી આ પ્રતિબંધોનો અંત આવશે. તમામ પાસાઓની સમીક્ષા કર્યા બાદ સરકારે આંતરરાષ્ટ્રીય યાત્રી વિમાન સેવા પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.

નવી ગાઈડલાઈન્સ કોવિડ ૧૯ના દિશા-નિર્દેશો પ્રમાણે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમાં ૩ સીટ ખાલી રાખવાનો નિર્ણય દૂર કરવામાં આવ્યો છે. કોરોનાના કેસ ઘટવાના કારણે હવે ચાલક દળના સદસ્યો માટે એક પૂર્ણ પીપીઈ કીટની આવશ્યકતા ખતમ કરી દેવાઈ છે. વિમાન મથકો ખાતે સુરક્ષાકર્મીઓ દ્વારા કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# રશિયાએ ઉત્તર એટલાન્ટિકમાં પરમાણુ સબમરીન્સ તૈનાત કરી

**યુક્રેન-રશિયા વચ્ચે સિઝફાયરની કોઈ જ સ્થિતિ નહીં : પુતિને પશ્ચિમી દેશોને પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ધમકી અપ્યાના એક દિવસ બાદ સબમરીન્સ ઉતારી**

કીવ, તા.૨૬

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં સીઝફાયર માટેની કોઈ જ સ્થિતિનું સર્જન નથી જણાઈ રહ્યું અને પરિસ્થિતિ વધારે વિકટ બની રહી છે. આ બધા વચ્ચે પશ્ચિમી દેશોને ધમકાવ્યા બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પોતાની પરમાણુ સબમરીન્સને ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં રવાના કરી દીધી છે. ઉત્તર એટલાન્ટિક મહાસાગરની આસપાસ યુરોપના અનેક દેશ ઉપસ્થિત છે.



પુતિને પશ્ચિમી દેશોને પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવાની ધમકી આપી તેના એક દિવસ બાદ પરમાણુ સબમરીન્સને ઉત્તરી એટલાન્ટિકમાં રવાના કરી છે. ઉલ્લેખનીય છે કે, પુતિને યુક્રેન પરના આક્રમણના થોડા સમય બાદ પોતાની ન્યુક્લિયર ડિટરેન્ટ ફોર્સીઝને એલર્ટ રહેવાનો આદેશ આપ્યો હતો. ત્યારે હવે અનેક રશિયન સબમરીન્સ જે ૧૬ બેલેસ્ટિક મિસાઈલ્સને લઈ જવા માટે સક્ષમ છે તે ઉત્તરી એટલાન્ટિક મહાસાગરમાં ઉતરી ગઈ છે. પશ્ચિમી દેશોની ગુપ્તચર એજન્સીઓ પુતિનના ન્યુક્લિયર હથિયારોના ભંડાર પર નજર રાખીને બેઠી છે.

રશિયાની સરહદને લઈ મહત્વકાંક્ષી રહેલા પુતિન પાસે ૪,૪૪૭ પરમાણુ હથિયાર સાથે વિશ્વનો સૌથી મોટો પરમાણુ ભંડાર છે. તે પૈકીના હજારો ન્યુક્લિયર હથિયાર એવી રીતે વિકસિત કરવામાં આવ્યા છે કે તે શત્રુના ખાસ ઠેકાણાને સંપૂર્ણપણે તબાહ કરી શકે અને તેનાથી વ્યાપક વિનાશ નથી થતો.


# પુતિન સાથે ચર્ચા બાદ સંરક્ષણ મંત્રીને હાર્ટ એટેક

**યુક્રેનનો દાવો છે કે, પુતિને યુક્રેનમાં રશિયાના મિલિટરી અભિયાનની નિષ્ફળતા માટે શોઈગુને જવાબદાર ઠેરવ્યા**

કીવ, તા.૨૬

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધને એક મહિનો થઈ ગયો છે. દરમિયાન યુક્રેનના એક મંત્રી એન્ટોન ગેરાશચેક્રોએ દાવો કર્યો છે કે, રશિયાના સંરક્ષણ મંત્રી સર્ગેઈ શોઈગુને રાષ્ટ્રપતિ પુતિન સાથે થયેલી ભારે તડાફડી બાદ હાર્ટ એટેક આવ્યો છે.

યુક્રેનનો દાવો છે કે, પુતિને યુક્રેનમાં રશિયાના મિલિટરી અભિયાનની નિષ્ફળતા માટે સંરક્ષણ મંત્રી શોઈગુને જવાબદાર ઠેરવ્યા બાદ તેમની અને પુતિન વચ્ચે ચકમક ઝરી હતી. આ જ કારણે શોઈગુ હવે લોકો વચ્ચેથી ગાયબ છે. ૧૧ માર્ચ પછી તેઓ જાહેરમાં જોવા મળ્યા નથી. જોકે પત્રકારોએ જ્યારે આ અંગે સવાલ પૂછ્યા ત્યારે રશિયાના પ્રવકતાએ કહ્યુ હતુ કે, સંરક્ષણ મંત્રી સૈન્ય અભિયાનના પગલે વ્યસ્ત છે અને તેમની પાસે મીડિયા સમક્ષ આવવા માટે બિલકુલ સમય નથી.



હવે યુક્રેનના મંત્રીએ કરેલા દાવા બાદ શોઈગુ અંગે ચર્ચા વધારે તેજ બની છે. એવુ પણ કહેવાઈ રહ્યુ છે કે, શોઈગુને મિલિટરી કાર્યવાહીમાં નિષ્ફળતા બદલ જવાબદાર ઠેરવીને તેમની સામે કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

# ભગવાન શંકરને કોર્ટની નોટિસ, ભક્તો શિવલિંગ સાથે કોર્ટ પહોંચ્યા

**છત્તીસગઢના રાયગઢ જિલ્લામાં એક વિચિત્ર ઘટના : રાયગઢના કૌવાકુંડા સ્થિત શિવ મંદિરને ગેરકાયદેસર કબજાની ફરિયાદ નોટિસ પાઠવવામાં આવી હતી**

રાયગઢ, તા.૨૬

છત્તીસગઢના રાયગઢ જિલ્લામાં એક



વિચિત્ર ઘટના જોવા મળી હતી. હકીકતે ત્યાંની કોર્ટે ભગવાન શંકરને નોટિસ પાઠવીને હાજર રહેવા ફરમાન આપ્યું હતું. આ સાથે જ જો કોર્ટમાં હાજરી નહીં આપે તો ૧૦ હજાર રૂપિયાનો દંડ અને બેદખલ કરવાની ચેતવણી પણ આપી હતી.

ત્યારે ભગવાન શંકરને કોર્ટમાં હાજર રહેવા ફરમાન આપવામાં આવ્યું તેને લઈ લોકો ખૂબ જ અસમંજસમાં હતા કે તેમને કોર્ટ સુધી કઈ રીતે લઈ જવા. પરંતુ મંદિર સાથે સંકળાયેલા લોકો અને ભક્તોએ તેનો અનોખો રસ્તો શોધી કાઢ્યો હતો.

મંદિરના શિવલિંગને નાગ સહિત ઉપાડીને રીક્શા દ્વારા કોર્ટ લઈ જવામાં આવ્યું હતું. જોકે કોર્ટમાં તહેસીલદાર હાજર ન હોવાથી ભગવાન શંકરને હાજરી આપવા માટે નવી તારીખ ૧૩મી એપ્રિલ મળી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગરીબોને સપ્ટેમ્બર સુધી મફત રાશન અપાશે

**ગરીબ અન્ન કલ્યાણ યોજનાને આગામી ૬ મહિના વધારાઈ : ગરીબોના હિતમાં મોદી સરકારનો મોટો નિર્ણય**

નવી દિલ્હી, તા.૨૬

શનિવાર સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેબિનેટની મહત્વની બેઠક બોલાવી હતી. આ બેઠક સાંજે ૪.૩૦ કલાકે બોલાવી હતી. સામાન્ય રીતે આવી બેઠક બુધવારના દિવસે બોલાવવામાં આવે છે પરંતુ શનિવારના આ બેઠક કોઈ ખાસ ઉદેશ્યથી બોલાવવામાં આવી હતી. આ બેઠક પર સૌ કોઈની નજર હતી. ત્યારે આ બેઠકમાં એક મોટા મુદ્દા પર નિર્ણય લેવામાં આવ્યો છે. આ કેબિનેટ મીટિંગમાં ગરીબ અન્ન કલ્યાણ યોજનાને આગામી ૬ મહિના સુધી વધારવામાં આવી છે. મોદી કેબિનેટમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે કે, આગામી ૩૦ સપ્ટેમ્બર સુધી આ યોજના ચાલુ રહેશે. પહેલા આ યોજના ૩૧ માર્ચના રોજ પૂર્ણ થવાની હતી.

તમને જણાવી દઈએ કે, કોરોનાના કારણે લોકડાઉન લગાવ્યા બાદ કેન્દ્ર સરકારે આ યોજનાની શરૂઆત કરી હતી. તેના માટે સરકારે ૧.૭૦ કરોડની રમક ફાળવી હતી. આ અન્ન યોજના હેઠળ ગરીબોને મફતમાં વ્યક્તિ દિઠ ૫ કિલોના દરથી અનાજ આપવામાં આવતું હતું.



# ઈમરાન સરકારના ૨૫ સંઘીય, ૧૯ સહાયક, ૪ રાજ્ય મંત્રી લાપતા છે

**૨૮ માર્ચે પાકિસ્તાનની સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ થશે**

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાનના રાજકારણમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે કે અવિશ્વાસ પ્રસ્તાવ પહેલા ઈમરાન ખાનની પાર્ટીના ૫૦ મંત્રી લાપતા થઈ ગયા છે. પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈને મોટો ઝટકો લાગ્યો છે. ઈમરાન ખાનની ખુરશી જવાની છે.

ઈમરાન ખાનની સરકારના ૨૫ સંઘીય, ૧૯ સહાયક અને ૪ રાજ્ય મંત્રી લાપતા છે. સંકટના સમયમાં ઈમરાન ખાનના મંત્રી મેદાન છોડીને ભાગી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**
BE મિકેનીકલ અથવા
DIploma BE મિકેનીકલ
ફ્રેશર અથવા અનુભવી
મો. ૯૭૩૭૩૭૭૮૧૨

**IELTS**
નવી બેચ
- સમય -
સાંજે : ૭ થી ૯
UNIQSYNERGY study abroad 6359597040




**ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ**



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.
કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.
ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો
70969 55791
સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર
ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે

**aashka HOSPITAL**
NABH ACCREDITED
શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ રાહત દરે મેળવવા માટે
વિશ્વસનીય નામ આશકા હોસ્પિટલ



નજીવા દરે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ પૂરી પાડવાના હેતુસર
સ્પેશિયાલિસ્ટ દ્વારા ઓપીડી કન્સલ્ટેશન
₹100/-
અને
સુપર સ્પેશિયાલિસ્ટ અને સિનિયર સ્પેશિયાલિસ્ટ દ્વારા ઓપીડી કન્સલ્ટેશન
₹200/-
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ, ગાંધીનગર - 382421, ગુજરાત
ઈમરજન્સી કોન્ટેક્ટ 7575007707 / 7575009000 | પેશન્ટ કો ઓર્ડિનેટર 7575007705
અપોઈમેન્ટ બૂક કરવા માટે 7575006000 / 7575009366 | રિસેપ્શન 9879752777
www.aashkahospitals.in aashkahospitals aashkahospitalsltd AashkaHospitals